## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભવમાં ભૂલા પડયા જીવજી
ઇધર-ઉધર આથડયા જીવજી !
મન સાથે , મનસાઓ સાથે;
કેટકેટલું લડયા જીવજી !
સાવ એકલા ભીતર વચાળે,
છાનું-છાનું રડયા જીવજી !
નામ-રૂપની રચી દીવાલો ,
ખુદને કાયમ નડયા જીવજી !

કિરીટ ગોસ્વામી.

### પાથેય

- રમેશ ઠક્કર

## જાત સામેનો જંગ

ભારતીય ચિંતન પરંપરામાં જીવ અને શિવના સંબંધો ઉપર અદ્ભુત વાતો આલેખાયેલી છે..આપણે જે ભૌતિક જગતમાં જીવીએ છીએ એ ભવાટવિ છે..ભવ છે..માયા છે..એનાં આવરણો છે..એ બધાની વચ્ચે રહીને જીવ તરીકે આપણું લક્ષ્ય શિવ તત્વ પામવાનું હોય છે..અહીં માયાની મોહજાળ હોય છે..એ આપણને ઈધર ઉધર ભટકાવતી રહે છે..એમાંથી છૂટવા અને સાચો રસ્તો પામવા ઝઝૂમવું પડે છે..લડવું પડે છે..ક્યારેય જગત સાથે તો કયારેક જાત સાથે સતત સંઘર્ષો કરતા રહી જીવનના સત્યને પામવાનું હોય છે..માણસના મનસૂબાઓ અનેક છે..મનસાઓ અગણિત છે એ બધાને લઈ..એને પાર કરી શિવ એટલે કે કલ્યાણ તરફ ગતિ કરવાની હોય છે.

માણસ એ વિચારશીલ પ્રાણી છે..એટલે એ બીજા જીવો કરતાં અલગ પડે છે..એ વિચારે એમાં જો જીવનનો અર્ક ઉમેરાય તો એ ચિંતન બની જાય છે.ચિંતન એ ચિરકાલિન આવિર્ભાવ છે.આપણા ઋષીમુનોઓ એનું જીવંત ઉદાહરણ છે..એના પરિપાકરૂપે જે સત્ય પ્રાપ્ત થાય છે એ જ આપણા જીવનને યોગ્ય દિશા આપે છે..

આમ તો જગતમાં જીવ માત્ર એકસરખા છે..એ બધાની ઉપર શિવ છે..એ સર્વોચ્ચ સમાધિ છે..માણસ ભીતરથી એકલો રડતો રહે એનો વસવસો એને કોરી ખાય છે..આ રીતે છાનુ છપનું કોઈ સંધાન એને કોઈ દિશા તરફ લઈ જતું નથી...જાતજાતનાં નામ રંગ કે રૂપ કે અલગઅલગ ચોકઠામાં એ અટવાઈ જાય છે..એ રીતે જોઈએ તો એ પોતાની જ માયાજાળમાં ફસાતો રહે છે અને શિવ તરફ જવાના રસ્તે પોતે જ પોતાને નડતો રહે છે.

એમાંથી છુટવા માટે જાગૃત હોવું જરૂરી છે..માણસ વિચારે છે એટલે જીવે છે...અન્યથા એ પશુસમાન છે. 'સૌચ કે સહારે સ્વયં કો સમઝના સમઝદારી હોતી હૈ'એટલે કે એ સ્વયંથી શાશ્વત સુધી જવાનું એચાલકબળ છે..અવનિ ઉપરનાં અનેક ઐશ્વર્યો પૈકી આ પણ અદભુત આશ્ચર્ય છે.વાતાવરણમાં જેમ જુદાંજુદાં સ્તર હોય છે,એમ માનવમન માં પણ અલગઅલગ વૈચારિક સ્તર હોય છે.વિચાર એ કોઈ અલૌકિક એન્ટેના થકી ઝિલાય છે...મનોપટમાં એનું એપીસેન્ટર શોધવું દુષ્કર હોય છે. વિચાર એક કણિકા હોય છે..પરંતુ એની વિસ્ફોટક ક્ષમતા અકલ્પ્ય હોય છે..વિચારવૈભવ એ અનોખો ખજાનો છે...જેને કોઈ છીનવી શકતું નથી.શબ્દ એ તેનો દેહ છે..અક્ષર એ આત્મા છે..એ સર્વકાલિન હોય છે..જગતના માપદંડોથી પર હોય છે..ટૉલ્સ્ટોયનું ચિંતન હોય કે ચેખોવનું ભાવવિશ્વ એનો ઉઘાડ માનવસંવેદનામાં પરિણમે છે.સત્યના પ્રયોગોને કોઈ સિમાડા નથી હોતા..નરસિંહ મહેતા જયારે એમ કહે છે કે

અનુસંધાન પાના નં. ૭ પર

## જાપાનની સંસ્કારિતા ઉજાગર કરતો કાનૂન અનુકરણીય

**તંત્રીસ્થાનેથી...**

'લે ગઈ દિલ મેરા ગુડિયા જાપાન કી' - વીતેલા દાયકાઓનું એ સંગીતમઢ્યું લોકપ્રિય ગીત નવી પેઢીએ તો કયાંથી સાંભળ્યું હોય ? પણ જાપાન આખી દુનિયા માટે અને સવિશેષ ભારત માટે હરહંમેશ એક પ્રેરણાતીર્થ જેવો મિત્ર દેશો રહેલ છે. ઈતિહાસના વહી ગયેલા અતીતમાં ડોકિયું કરતાં જ આપણને ભારતનાં વિષ્ણુના અવતાર માનવામાં આવેલા તથાગત બુદ્ધનો સંદેશ લઈ ચીનથી જાપાન પહોંચેલા બોધિસત્ત્વની યાદ આવે. જાપાન જ એક એવો આધુનિક દેશ છે જયાં ભારતની જેમ ઘરમાં પ્રવેશતાં પહેલાં પગરખાં ઉતારવાનો રિવાજ છે. જાપાનના નિરંતર ધ્રૂજતી ભોમકા છે. ધરતીકંપ સાથે હસતા મોઢે ઘરોબો બાંધીને જીવતી આ પરિશ્રમી પ્રજામાં સો વર્ષ પાર કરી ગયેલા અનેક નાગરિકો સક્રિય જીવન જીવી રહ્યા છે. મોરારિબાપુએ જાપાનની કાશી ગણાતા ક્યોટો નગરમાં રામકથા રેલાવી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલીન જાપાની વડાપ્રધાનને વારાણસી તેડાવી ગંગા આરતી કરાવી હતી. રાજકપૂરનું લોકજીભે ચડી ગયેલું ગીત 'મેરા જૂતા હૈ જાપાની, પતલૂન ઈંગ્લિસ્તાની - સર પે લાલ ટોપી રૂસી ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની' આપણી સાંસ્કૃતિક સમન્વય ભાવના વ્યક્ત કરે છે. જાપાનની બુલેટ ટ્રેન હવે ભારતના રેલવે ટ્રેક્સ પર પણ દોડતી થવાની છે. આ કોઈ ઓછી રોમાંચક ઘટના નહીં હોય. એવી જ લોમહર્ષક ઘટના બીજા વિશ્વયુદ્ધ વખતે બની હતી. કોંગ્રેસ સાથે મતભેદ ઊભા થતાં સુભાષબાબુએ આઝાદ હિંદ ફોજની રચના કરી. એ ઓસ્ટ્રિયન મહિલા સાથે ટૂંકી પણ સાર્થક જિંદગી જીવ્યા. જાપાને વિશ્વયુદ્ધની ક્રૂરતમ વિભીષિકાનો ભોગ બન્યા પછી જે ત્વરાથી વિશ્વના સમૃદ્ધ રાષ્ટ્ર સ્વરુપે 'કમબૅક' કર્યું તે વિશ્વના ઈતિહાસની ન ભૂતો ન ભવિષ્યતિ જેવી ઘટના છે. જાપાનની પ્રજામાં અંતર્નિહિત અદ્ભૂત જિજીવિષા અને વિજિગીષા અન્યત્ર શોધી નહીં જડે. જાપાનીઝ પ્રજા એના વિવેક માટે ખૂબ જાણીતી છે. કમ્મરથી ઝૂકી જઈને આવકારતી આ સદાય હસ્તી પ્રજાએ એની 'ડાયેટ' (સંસદ)માં એક વિશિષ્ટ કાનૂન પસાર કર્યો છે જે આખા વિશ્વને દાખલારૂપ બની રહે એવો છે. આપણે વાત વાતમાં કોઈને ઉતારી પાડીએ છીએ. જાહેર મંચ પરથી અને સોશિયલ મીડિયામાં એકમેકનાં લૂગડાં ઉતારવાના પ્રસંગોની આપણા દેશમાં નવાઈ નથી. જાપાને એની પરંપરાગત સંસ્કારિતાનો પરિચય આપણો ખરડો પસાર કરીને જાહેરમાં કોઈનું અપમાન કે અભદ્ર ટિપ્પણી કરનારને એક વર્ષ સુધી જેલની સજા અથવા ત્રણ લાખ યેન જેવો ભારે દંડ ભોગવવો પડશે. કોઈને જાહેરમાં કે સોશિયલ મીડિયામાં 'મૂર્ખ' કે 'સ્ટુપિડ' કહેનારને આવી સજા થશે. વર્તમાન પીનલ કોડને વધુ મજબૂત કરવા પાછળ એક કરુણાંતિકા પડેલી છે. આપણા દેશમાં જેની નોંધ પણન લેવાય અને કદાચ લવાય તો પણ હાંસી ઉડાવવા પૂરતી અથવા 'બિચ્ચારી બાઈ' કહી મનોમન દયા ખાવા પૂરતી લેવાય એવી એક ઘટના ઘટી ત્યારે જાપાનની સંસદે આવો કડક કૂન બનાવી દીધો છે. અગાઉ જાપાનમાં ઓનલાઈન ઈન્સ્લ્ટ કે આક્ષેપ બદલ દોષિત ઠરાવવાની ઘટના કોઈ તથ્ય પર આધારિત નહોતી. વધુમાં વધુ એક માસની સજા અને દસ હજાર યેનના દંડની જોગવાઈ હતી. નવા સાઈબર બુલિંગ લૉ અંતર્ગત આવા કૃત્ય માટે એક વર્ષની સજાનું પ્રાવધાન કરાયું એની પાછળ બાવીસ વર્ષની રિયાલિટી ટીવી સ્ટારન હાના કિમુરાએ અન્ય સહકર્મી સાથે ઝઘડો થયા પછી અભદ્ર ટિપ્પણીઓને કારણે ડિપ્રેશનમાં સરી જઈ આત્મહત્યા કરી લીધી હતી તે ઘટના છે. આવી સંવેદનશીલ પ્રજા જ એક ટીવી સ્ટારના આપઘાતથી આટલી હદે વ્યથિત થઈ શકે. જાપાનની ઓળખ વિશ્વની સંસ્કારી પ્રજા તરીકેની છે. પોતાના જ નાગરિકો સ્વમાનભેર ન જીવી શકે એ તો આવી પ્રજાને જીરવાય ન શાનું ? એટલે જાપાનની ડાયેટ દ્વારા કોઈ પણ વ્યક્તિનું જાહેરમાં કે મીડિયામાં અપમાન કરવા બદલ આવો કડક કાયદો બનાવીને વિશ્વને પણ દિશા ચીંધવાનું પ્રશંસનીય કાર્ય સંપન્ન થયું છે. જાપાનની સંસ્કારિતાને શત્ શત્ નમન ! સાયોનારા !

## છીપલાનાં મોતી

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



છીપલામાંથી મોતી નીકળે - એવી લોકવાયકા છે. આની તો ખબર નથી, પરંતુ પાણીદાર મોતીઓ જેવા સુવાક્યો કેટલીકવાર - ફાટવા માટે સર્જાયેલાં - કેલેન્ડરનાં પાનાઓમાંથી મળી આવે છે. અહીં એવો કેટલાંક સુવાક્યો મઠારીને મૂક્યા છે :

(૧) બીજાની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ, પોતાની ભૂલ સ્વીકારના માટે કલેજુ જોઈએ.

(૨) સંબંધો બગડવાનું કારણ એક આ છે - લોકો સમજે છે ઓછું; પણ સમજાવે છે વધારે.

(૩) મિત્રો અરીસા અને પડછાયા જેવા રાખો - અરીસો ખોટું નહીં બોલે અને પડછાયો સાથ નહિ છોડે.

(૪) સુખી થવું છે ? આટલું કરો - પ્રેમ અને પૈસાનું પ્રદર્શન ન કરો.

(૫) માણસનું જીવન જ મોટી શાળા છે. કયારેક ખબર ન પડે; તમે કયા 'વર્ગ'માં છો અને શેની 'પરીક્ષા' આપવાની છે?

(૬) બીજાને સમજવાનો પ્રયત્ન કરો. પારખવાનો નહિ.

(૭) હૃદયનો દરવાજો ત્યારે જ ખૂલે, જયારે લાગણીઓ સામે ઊભી હોય.

(૮) વિશ્વાસ, એ વિશ્વનો શ્વાસ છે.

(૯) ઘડિયાળના કાંટા નિયમ પ્રમાણે ચાલે છે; એટલે લોકો વિશ્વાસ મૂકે છે. નિયમ પ્રમાણે ચાલો અને સૌ કોઈને વિશ્વાસ મેળવો.

(૧૦) માન વગરની હાજરી કરતાં યાદ સાથેની ગેરહાજરી વધુ સારી.

(૧૧) સુખ હોય કે દુઃખ - માત્ર પોતાનાં કર્મોને કારણે છે - બીજાંઓ તો માત્ર નિમિત્ત છે.

(૧૨) સમૃદ્ધિ અને સામર્થ્ય - જોઈતું મળી જાય, એ સમૃદ્ધિ અને એના વિના ચલાવી શકાય, એ સામર્થ્ય.

(૧૩) કામ આપણું, સમસ્યા આપણી - પરંતુ એમાં આપણાંથી વધુ રસ બીજાઓને.

(૧૪) સલાહના સો શબ્દો કરતાં અનુભવની એક ઠોકર વધુ સારી.

(૧૫) એવું ન બને - કે દુનિયાદારી સાચવવામાં, પોતાને માટે જીવવાનું ભૂલી ગયા.

(૧૬) મંદિર સુધી પહોંચવું, એ શરીરનો વિષય - પરંતુ ઈશ્વર સુધી પહોંચવું, એ મનનો વિષય.

(૧૭) પોતાની શરતો મુજબ જીવન જીવવું છે એને ખુશી નથી મળતી. બીજાની ખુશી માટે જે પોતાની શરતો બદલે છે; એને ખુશી મળે છે.

(૧૮) કલ્પના સુંદર હોય, પણ એ પ્રમાણે જીવાતું નથી. વાસ્તવિકતા કડવી હોય, એ મારી શકાતી નથી.

(૧૯) પોતાનું ભવિષ્ય સ્વભાવ અને વ્યવહાર ઉપર નિર્ભર છે. બાકી તો મહેનત અને આવડત તો ચોરી કરનારા ચોરમાં પણ હોય છે.

(૨૦) એકને ખુશ રાખવા જાવ તો બીજા નિરાશ થઈ જાય. બીજાને ખુશ રાખવા જાવ તો પોતાનું મન હતાશ થઈ જાય.

(૨૧) સાચો મિત્ર તો તમને ન ગમતું પણ કહે, બાકી તો ગમતું કહેનારો દગાખોર પણ હોય.

(૨૨) દીપકને પોતાનું કોઈ ઘર નથી. જયાં રાખો, ત્યાં અજવાળું કરે.

(૨૩) સંઘર્ષ નથી, ત્યાં પ્રગતિ નથી.

(૨૪) મૌન અને એકાંત - આત્માના ઉત્તમ મિત્રો.

(૨૫) આજે લોકો ભેગું કરવા જીવે છે. પહેલા લોકો ભેગું રહેવા જીવતા હતા.

### દિન મહિમા

- વિશ્વ રણ અને દુષ્કાળ પ્રતિરોધ દિવસ
- જીજા બાઈ ની પુણ્ય તિથિ, મરાઠા સામ્રાજ્યના સ્થાપક શિવજીના માતા.
- ૧૮૫૮ – રાણી લક્ષ્મીબાઈની પુણ્ય તિથિ, ઝાંસીની રાણી, સ્વતંત્રતા સેનાની

### ખડખડાટ

- સરકારી નોકરીના ઓર્ડરમાં લખ્યું હતું કે 'ક્વાર્ટર' મળશે.... અને અમુક તો પાછા એટલા ભોલા ને કે ૩ દિવસ સુધી તો ઓફિસે સોડા લઈને ગયા....!!

આજનું

### વોટ્સએપ

- કોઈપણ વ્યક્તિ આપણને આમ જ અચાનક નથી મળી જતી.. દરેક વ્યક્તિનું આપણી જીંદગીમાં આવવાનું કંઈક કારણ હોય છે..!

## કોણાર્કનું સૂર્યમંદિર કયા નામે ઓળખાય છે ?

ખજાનો

અનિલ પટેલ



### ભારતનો ઈતિહાસ

૧ રાયબહાદુર દયારામ સાહનીએ ૧૯૨૧માં કયા અવશેષો શોધી કાઢ્યા હતા ?
(અ) હડપ્પાના (બ) સિંધુ સંસ્કૃતિના
(ક) લોથલનાં (ડ) કચ્છના ધોલાવીરા

૨ આર્યોનું મુખ્ય પીણું શું હતું ?
(અ) દૂધ (બ) સોમ
(ક) શેરડી રસ (ડ) નારિયેળ પાણી

૩ રઝિયા સુલતાને કઈ રાજગાદી પર શાસન કરેલું ?
(અ) લખનૌ (બ) કાનપુર
(ક) દિલ્હી (ડ) આગ્રા

૪ અષ્ટ પ્રધાન મંડળ કયા શાસનનું હતું ?
(અ) અકબર (બ) શિવાજી
(ક) બહાદુર શાહ (ડ) બાલાજી વિશ્વનાથે

૫ ભારતમાં સૌ પ્રથમ રુપિયાનો સિક્કો કોના શાસનમાં શરૂ થયો ?
(અ) શેરશાહ સૂરી (બ) કુમારગુપ્ત
(ક) દેવભૂતિ (ડ) ધર્મપાલ

૬ કયા મુગલ બાદશાહે 'આના' નો સિક્કો શરૂ કર્યો હતો ?
(અ) ઓરંગઝેબ (બ) હુમાયુ
(ક) અકબરે (ડ) શાહજહાં

૭ શાહનામાના લેખક કોણ છે ?
(અ) ફિરદોસી (બ) ચંદબરદાઈ
(ક) ચામુંડરાય (ડ) અબુ ફઝલ

૮ કોણાર્કનું સૂર્યમંદિર કયા નામે ઓળખાય છે ?
(અ) સૂર્યરથ (બ) સૂર્ય સપ્તક
(ક) સૂર્યમણી (ડ) બ્લેક પેગોડા

૯ 'બાબર નામા' કઈ ભાષામાં લખાયેલ ગ્રંથ છે?
(અ) અરબી (બ) તૂર્કી
(ક) ઉર્દૂ (ડ) હિન્દી

૧૦ 'આદિગ્રંથ' નું સંકલન કોણે કર્યું ?
(અ) ગુરુ અર્જુનદેવ (બ) ગુર અંગદ
(ક) ગુરુ હરગોવિંદસિંહ (ડ) ગુરુ ગોવિંદસિંહ

૧૧ કયો મુગલ બાદશાહ જયોતિષમાં વધુ વિશ્વાસ ધરાવતો હતો ?
(અ) મુહમદ શાહ (બ) શાહજહાં
(ક) હૂમાયુ (ડ) ઔરગઝેબ

૧૨ આગામ કયા ધર્મ સાથે સંકળાયેલ સાહિત્ય છે ?
(અ) બૌદ્ધ (બ) શિખ
(ક) હિન્દુ (ડ) જૈન

૧૩ સહાયકારી યોજના કોને બનાવી ?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ ડેલહાઉસી
(ક) લોર્ડ વિલિયમ (ડ) લોર્ડ હાર્ગીસ

૧૪ ચરબીવાળા કારતૂસના કારણે ૧૮૫૭નો વિપ્લવ ક્યાંથી શરૂ થયો ?
(અ) કાનપુર (બ) ઝાંસી
(ક) આગ્રા (ડ) મેરઠ

૧૫ કોના શાસનમાં રાજધાની કલકત્તાથી ખસેડી દિલ્હી લાવવામાં આવી ?
(અ) લોર્ડ હોર્ડીંગ્સ (બ) લોર્ડ વેલેસ્લી
(ક) વોર્ડ હેસ્ટિંગ્સ (ડ) લોર્ડ ડેલહાઉસી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૭ જૂન :
  - મશહુર રશિયન કમ્પોઝર ઈગોર સ્ટેવેન્સ્કીનો જન્મદિવસ (૧૮૮૨)
  - આઈસલેન્ડ પોતાને સ્વતંત્ર જાહેર કર્યું (૧૯૪૪)
  - અમેરિકન પોપ સિંગર બેરી મેનિલોનો જન્મદિવસ (૧૯૪૩)
  - બંગાળના કેળવણીકાર પ્રફુલ્લચંદ્ર રે નું નિધન (૧૯૪૪)
- ૧૮ જૂન :
  - અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જેમ્સ મેડીસને ગ્રેટ બ્રિટન સામે યુદ્ધ કરવા હસ્તાક્ષપ કર્યા (૧૮૧૨)
  - બ્રિટીશ મ્યુઝિશિયન સર પૌલ મેકકેન્દ્રીનો જન્મદિવસ (૧૯૪૨)
  - ભારતીય ગણિતશાસ્ત્રી શકુંતલા દેવીએ ૧૩ આંકડાનો ગુણાકાર ૨૮ સેકન્ડમાં કરી વિશ્વ રેકોર્ડ કર્યો (૧૯૮૦)
  - ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું નિધન (૧૮૫૮)
- ૧૯ જૂન :
  - જાણીતા મ્યાનમારના રાજનેતા અને વિરોધપક્ષના નેતા ઔન સાન સુક્યુઈનો જન્મમદિવસ (૧૯૫૮)
  - રશિયાની પ્રથમ મહિલા અવકાશયાદી વેલન્તિના વોસ્તોક-૬ સ્પેશગ્રાફ્ટ દ્વારા પૃથ્વી પર પરત આવ્યા (૧૯૬૩)
  - ગ્રેટ બ્રિટને કુવૈતને સ્વતંત્ર જાહેર કર્યું (૧૯૬૧)
  - દેશભક્તિ, સમાજસેવક સંત પાંડુરંગ સાવે ગુરુજીની પુણ્યતિથિ (૧૯૫૦)
- ૨૦ જૂન :
  - અમેરિકન મ્યુઝિશિયન હોલવીન વોલ્ફનો જન્મદિવસ (૧૯૧૦)
  - ભારતના મહાન ઉદ્યોગપતિ લક્ષ્મણરાવ કિલોસ્કરનો જન્મદિવસ (૧૮૬૯)
  - ઓસ્ટ્રેલિયન મશહૂર અભિનેત્રી નિકોલ કિડમનનો જનમદિવસ (૧૯૬૭)
  - અમેરિકન જાઝ મ્યુઝીશિયન એરીક ડોલ્ફીનનો જન્મદિવસ (૧૯૨૮)
- ૨૧ જૂન : વર્લ્ડ મ્યુઝિક ડે
  - ફ્રેન્ચ સાહિત્યકાર જયાં પોલ સાત્રનો જન્મદિવસ (૧૯૦૫)
  - પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોનો જન્મદિવસ (૧૯૫૩)
  - થાઈના પૂર્વ પ્રાઈમ મિનિસ્ટર ઈન્ગ્લુક સિનાવાત્રાનો જન્મદિવસ (૧૯૬૭)
  - પૌલ-૬ રોમન કેથોલિક ચર્ચના પોપ તરીકે ચૂંટાયા (૧૯૬૩)
- ૨૨ જુન :
  - અમેરિકન અભિનેત્રી મેરીલ સ્ટ્રેપનો જન્મદિવસ (૧૯૪૯)
  - પ્લૂટોના સૌથી મોટો ઉપગ્રહ ચેરોન શોધાયો (૧૯૭૮)
  - ઈંગ્લીશ બાયોલોજીસ્ટ અને ફિલોસોફર જુલીયન હકસલેનો જન્મદિવસ (૧૮૮૭)
  - ગેલેલીયોએ કોપરનીક્સની થિયરી ગ્રહો જ સૂર્યની આસપાસ ફરે છે તે થિયરીનું અનુમોદન કર્યું (૧૯૩૩)
- ૨૩ જુન : વિશ્વ ઓલિમ્પિક દિવસ
  - અમેરિકન જજ કલીરન્સ થોમસનો જન્મદિવસ (૧૯૪૮)
  - શ્યામા પ્રસાદ મુખરજીનું નિધન (૧૯૫૩)
  - ટાઈપ રાઈટરના શોધક કિસ્ટોફર લેથમાનના પેટન્ટ માન્ય થયા (૧૮૬૮)
  - શેખ હસીના વાજેદે બાંગ્લાદેશના વડાપ્રધાન પદે સોગંધ લીધા (૧૯૯૬)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

ભાજપના કયા મહિલા પ્રવક્તાના નિવેદનથી ખૂબ મોટો વિરોધ થયો ?

જવાબ : નુપૂર શર્મા

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) કે. કે.પટેલ : સરગાસણ (૩) હેમંત આર મકવાણા : સે-૨૪ (૪) ઋજિત રાવલ : સે-૭ (૫) મીત. પી પટેલ : સરગાસણ (૬) નીતિન એન રાવલ : સે-૬ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૮) વૈદિક સી. પટેલ : સે-૩ (૯) મુળજીભાઈ પરમાર : સે-૭ (૧૦) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

ભ્રષ્ટાચારના કયા કેસના સંદર્ભમાં ઈડી દ્વારા રાહુલ ગાંધીની પૂછપરછ કરાઈ હતી ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## 'પારકે પૈસે પરમાનંદ'ની થિયરી વાળા અંકલની 'મન કી બાત'!

હળવે હૈયે

પ્રકાશ લાલા



અમે યાન કે કયારેક સાદુ પાન ખાઈ લેતો હું અને તમાકુવાળા પાન-મસાલાના બંધાણી મારા બે મિત્રો પાનના ગલ્લે ઊભા હતા...ત્યાં અચાનક અંકલે એટેક કર્યો :

'પનુભાઈ...'

અણધારી આફત આવી પડે ને માણસ મૂંઝાઈ કે ગભરાઈ જાય એવું અમારું થયું પરંતુ આ તો 'ટાળો ટાળો તોય ના ટળે' એવી લપ સમાન લાલાકાકા હતા. એટલે એમને આવકારવા સિવાય અમારો આરો ન હતો... તેથી કુશળ અદાકારથી માફક મનના (કુ) ભાવોને અંદર જ દબાવી દઈ, ચહેરા ઉપર હાસ્યના મેકઅપનો બ્રશ ફએરવી દઈ અમે નજીક આવી પહોંચેલા રેડ અંકલને આવકાર્યા : 'આવો અંકલ' ને પછી સ્વાભાવિક વિવેક કર્યો : 'અંકલ, પાન જમશો?'

કોઈ પારકું વિવેક કરે ત્યારે હરખભેર એને સ્વીકારી લેવાનો (સદ્?) ગુણ ધરાવતા લાલાકાકાએ પ્રેમથી જવાબ આપ્યો : 'અરે પનુભાઈ, તમે કહો ને ના પાડવાની મારી તાકાત છે ? પાન જરૂર જમીશ!!' અને પછી અમને ત્રણેયને સાઈડ ટ્રેક કરી દઈ, અંકલ સીધા પાનવાળાને ઓર્ડર લખાવવા માંડ્યા :

'બનારસી, એકલો વીસ, સંવર્ધન સોપારી, સહેજ લવલી, ચુનો જરા તેજ અને....'

રેડ અંકલના એક એક શબ્દ ઉપર અમારાં મોં આશ્ચર્યથી પહોળાં થતાં હતાં... થયું કે અંતે અંકલ કહેશે : 'ટૂંકમાં તારો આખો ગલ્લો મારા પાનમાં પધરાવી દે....' વિશેષ આશ્ચર્ય તો એ વાતે થયું કે અંકલ વળી, એકસો વીસની તમાકુવાળું પાન ખાતા ક્યારથી થયા.... અમે પૂછ્યું : કાકા, તમે ને તમાકું....?

'જુઓ પનુભાઈ, પોતાના પૈસે આવાં વ્યસનો કદી ન કરવા એવું મારા બાપાએ શીખવ્યું છે અને પિતાજીની સલાહને વળગી રહું છું પણ જો હું બીજા એ કરાવે તો એ માટે ના પાડી સામે વાળાના ઉત્સાહને તોડી ન નાખવાનો મારો અસુલ છે...' રેડ અંકલે એમની ગજબનાક થિયરી વિશે ખુલાસો કર્યો.... પછી પાનવાળાએ એમના ઓર્ડર મુજબ બનાવેલું પાન મોંમાં પધારવ્યું....

થોડીવાર અમારા ત્રણેય સાથે આડી અવળી વાતો કરીને પછી લાલાકાકાએ પ્રશ્ન કર્યો : 'પનુભાઈ, પેલા કોઈ ગાયક ઓસામણનો પ્રોગ્રામ કયારે છે !' 'હેં ? ઓસામણ ?' અમને વગર તમાકુ ખાધે ચક્કર ચઢ્યા....

'હા, ઓસામણ અમીર કે એવું જ નામ છે ને !'

'અંકલ, ઓસામણ ભાતનું હોય ! આ મોટા ગજાના ગાયક કલાકારનું નામ ઓસમાન મીર છે... હા, ગાયિકી બાબતે એ ખૂબ અમીર જરૂર છે...'

'હા..... હા... એ જ, એજ. આપણે એને સાંભળવા છે. તમારે પાસનું ગોઠવી આપવું પડશે, હોં ને.' મફતિયા બધું માણવાની આદતવાળા અંકલે મુદ્દાની વાત કરી.

'તમને એ કલાકારના સાચા નામની ખબર નથી એ ને શું ધૂળ માણવાના તમે !' એવું ગુસ્સામાં લાલાકાકાને કહી દેવાનું મન થઈ આવ્યું, પણ કોઈનું એમ અપમાન ના કરવાનું અમને અમારા પિતાશ્રીએ શીખવ્યું છે એટલે અમે ગમ ખાઈ ગયા....

'પનુભાઈ, એક જ પાસ, હોં....'

'ભલે, પણ અંકલ, અમને ખબર છે કે સંગીતના પ્રોગ્રામમાં આવીને તમે સાંભળવા ને બદલે જ સૂઈ જાવ છો...'

'એ તો સંગીતના પ્રભાવના કારણે પનુભાઈ...' અમને અધવચ્ચે અટકાવી અંકલ ઉવાચ્યા... અને પછી ઉમેર્યું...

'એ.સી. હોલની ઠંડકની પણ અસર ખરી, હોં...'

અમે જણાવ્યું : 'પણ અંકલ, ટાઉનહોલના અભાવે આ વખતે કાર્યક્રમ જે હોલમાં રાખવો પડ્યો છે એ એ.સી. હોલ નથી અને પંખા ય પૂરતા નથી ત્યાં વળી ગરમી-બફારો બહુ છે એટલે તમને અનુકૂળ નહીં પડે....'

'એવું છે ?' મફતિયા પ્રોગ્રામ - કમ - નિંદર જયાદાની પોતાની આશા ઉપર પાણી વળતું જોઈ, લાલાકાકા એ નિરાશાનો સૂર રેલાવ્યો : 'ભલે, પણ ટાઉનહોલમાં કાર્યક્રમ હોય ત્યારે મને ભૂલતા નહીં !' કહી રેડઅંકલે એમનું ભવિષ્ય પાકું કર્યું.

અંકલના અચાનક અમારી વચ્ચે ટપકી પડવાથી અને એમની આવી વાતોથી કંટાળેલા અમારા એક મિત્રએ વાત બદલી :

'યાર, ઘરમાં કાં વાઈફની કાં છોકરાઓની કોઈને કોઈ ડીમાન્ડ, કોઈને કોઈ કમ્પ્લેઈન્ટ ચાલુ જ હોય છે.... આનો શું ઉપાય ?'

ઘર ઘરની આ સમસ્યાના ઉપાય વિશે અમે હજી વિચારીએ તે પહેલાં તો અનુભવી અંકલે ઉત્તર

અનુસંધાન પાના નં. ૭ પર